
RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ



સપ્ટેમ્બર – ૨૦૧૪ અંક – ૯ વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૧૧
માસિક કિંમત – ૧૦/– વાર્ષિક લવાજમ – ૧૦૦/–
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# કાવ્ય......

## કાવ્ય......

એક છુપી હુઇ પહેચાન રખતા હું,
બાહર શાંત હું, અંદર તુફાન રખતા હું,
રખ કે તરાજુ મેં અપને દોસ્ત કી ખુશીયાં,
દુસરે પલડે મેં મૈં અપની જાન રખતા હું,
બંદો સે કયા, રબસે ભી કુછ નહીં માંગા
મૈં મુફલીસીમેં ભી નવાબી શાન રખતા હું.
મુર્દો કી બસ્તીમેં જમીર કો જીંદા રખ કર
એ જિંદગી મેં તેરે અસુલોકા માન રખતા હું..
સરેશભાઇ સી. પંચોલી
યુ.એસ.એ.

## જ્યોત જગાવ....

અંતરમાં જ્યોત જગાવ, તુજ અંતરમાં જ્યોત જગાવ..
મલિન વિચારો સળગાવી, પાવન જ્યોત પ્રગટાવ ..... તુજ

પંથ ભુલેલા પથિકને, સાચો મારગ બતાવ..
અજ્ઞાનમાં અટવાયેલાઓમાં, જ્ઞાનની જ્યોત જગાવ .... તુજ

વેરભાવના હૈયામાં દફનાવી, પ્રેમ ભાવના પ્રગટાવ,
દિલના દાવાનળને બુઝાવી, પવિત્ર ઝરણું વહાવ .... તુજ

સંસારના ખદબદતા કંદર્પ મહી, શુભ્ર પંકજ ખીલાવ,
અંધકાર ભરેલા અંતરમાં, અનુપમ દીપ પ્રગટાવ .... તુજ

મૂરઝાયેલા મનમંદિરમાં, જવલંત ચેતના જગાવ,
નિરાશા ભર્યા હૃદયકમળમાં, આશાના સૂર રેલાવ .... તુજ

હરીશભાઇ સી. પંચોલી-સુરત

# ચાલો......વ્યારા.... મહિલા અધિવેશનમાં

# તૃતિય મહિલા અધિવેશન




બહેનોમાં રહેલી સુસુપ્ત શકિતઓને જાગૃત કરવા,
સમાજની સૌ બહેનોની સંગઠન શકિત વધારવા
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત અને
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ - વ્યારા તથા શ્રી પ્રગતિ મહિલા મંડળ
આયોજીત

# તૃતિય મહિલા અધિવેશન

## તા. ૨૮.૧૨.૨૦૧૪ ને રવિવાર

સમગ્ર પંચોલી સમાજની બહેનોને ભાગ લેવા વિનંતી છે.....

| | | |
|---|---|---|
| શ્રી મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ | શ્રી ભરતભાઇ સી. પંચોલી-પ્રમુખ | શ્રીમતિ ગીતાબેન જે. ગાંધી-પ્રમુખ |
| શ્રી ચંદ્રકાંત જે. પંચોલી-મહામંત્રી | શ્રી હિતેશભાઇ પી. ગાંધી-મંત્રી | શ્રીમતિ પારૂલબેન એચ. ગાંધી-મંત્રી |
| શ્ર. પંચોલી સેવા સમાજ મહામંડળ | શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા | શ્રી પ્રગતિ મહિલા મંડળ વ્યારા |

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**સપ્ટેમ્બર – ૨૦૧૪**

# પંચોલી નવયુગ

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફકત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક કિંમત** | – ૧૦/- |
| **વાર્ષિક લવાજમ** | – ૧૦૦/- |

# તંત્રી નોંધ.......

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનો ને મારા નમસ્કાર,

ગણપતિ આયો બાપા રિદ્ધિ સિદ્ધિ લાયો....

ગજાનન આયો... ગણપતિ આયો.......

નવયુગ મળશે એટલે ગણેશ ઉત્સવ જોરશોરમાં માણી રહ્યા હશો...અથવા પૂરો થવા આવ્યો હશે..... ઉત્સવ માનવ જીવનનું અભિન્ન અંગ છે... આવા ઉત્સવોથી માનવી એના દુઃખો ભુલી થોડીવાર માટે આનંદ પ્રમોદ કરી લે છે... એનું દુઃખ ભુલી શકે છે...

આવી રહ્યું છે ઉત્સવોનું પર્વ એટલે દિપોત્સવી... અને દિપોત્સવી પર્વ એટલે નવયુગનું પણ પર્વ... અને આ નવયુગ એ કંઈ સામાન્ય નથી.. સમાજની રજે રજ માહિતીથી માહિતગાર કરતું, સમાજને એક તાંતણે જોડતું એક સામાયિક છે... અને પંચોલી સમાજમાં એનું મહત્વ વધારેમાં વધારે છે....એકમોની માહિતી કે મહામંડળની માહિતી કે એકમોમાં કરવામાં આવતા પોગ્રામોની માહિતી દરેક જ્ઞાતિજનોને વિના મૂલ્યે પહોચાડતું એક સામાયિક... અને પંચોલી સમાજનું આજ એક માધ્યમ છે દરેકને ત્યાં પહોંચી શકે છે.... આપણા સમાજના પાયાના કાર્યકરો અને સમાજપિતા સ્વ. સી.ટી.મિસ્ત્રીની દિર્ઘદ્રષ્ટિ કહો.... એમની વિચારધારાથી આપણે એક છીએ... સમાજથી માહિતગાર પણ છીએ... એનાથી જ આપણું મહામંડળ સુવર્ણ જંયતિ પસાર કરી ગયું છે....એજ આપણી પ્રગતીની પારાશીશી છે....

નવયુગનું કેટલું મહત્વ છે એ આપ સૌએ જાણ્યું... હવે આ નવયુગ બાવન બાવન વર્ષથી આપને ત્યાં વિના મૂલ્યે આવે છે... આથી આ નવયુગના જતન અને લાલનપાલન કરવાની જવાબદારી આપણી બને છે...કારણ એ આપણું માનસ સંતાન છે... તો ચાલો નવયુગ એની ફરજ બજાવે અને આપણે આપણી ફરજ બજાવીએ... નવયુગ દિપોત્સવી અંકમાં આપની જાહેરાત અવશ્ય આપીએ... મહામંડળના હોદ્દેદારો... કારોબારી સભ્યો, દરેક એકમના પ્રમુખ/મંત્રી તથા તેમની કારોબારીના સભ્યો, દરેક મહિલા મંડળના પ્રમુખ/મંત્રીઓ પોતાની જાહેરાત તો આપે જ પણ બીજા જ્ઞાતિજનોનો સંપર્ક કરી એમની પણ જાહેરાત એકત્ર કરી બને એટલી જલ્દી મોકલશો.... એવી આશા રાખું છું...

અસ્તુ.....

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

# પ્રમુખ નોંધ .....

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનો ને મારા નમસ્કાર,

હિન્દુ ધર્મનો શ્રાવણ માસ પુરો થઇ હવે આપણે ગણેશ મહોત્સવ, નવરાત્રી, દિવાળી જેવા તહેવારોને માણવા માટે થનગની રહયા છે.

નવસારી મુકામે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૪:૦૮:૨૦૧૪ નાં રવિવારના રોજ યોજાય ગઇ, સુંદર વ્યવસ્થા માટે નવસારી એકમનાં પ્રમુખશ્રી પ્રણવભાઇ તથા ટીમ નવસારી ને હાર્દિક અભિનંદન પાઠવુ છું. ઉપસ્થિત તમામ એકમોનાં સભ્યશ્રીઓનાં સુંદર સહકારથી આપણે ‘સ્વર્ણિમ ફંડ' માં સારી રકમનું દાન મેળવી શકયા છીએ. તમામ એકમોનો સહકાર સારો મળ્યો છે. સૌનો આભાર વ્યકત કરૂ છું. રાજપીપળા તથા પાલ વિભાગનાં મિત્રોની હાજરી સામાન્ય સભામાં નહીવત જણાતી હતી. મિત્રો આપણે સૌ વર્ષમાં એક વખત ભેગા મળીએ છીએ અને મહામંડળના આગામી આયોજનની ચર્ચાઓ થતી હોય ત્યારે સૌ એકમનાં મિત્રો ભેગા મળે તો ઘણો આનંદ આવે અને આપણે સારી રીતે આયોજનો હાથ ધરી શકીએ.

મારી ઇચ્છા પ્રમાણે મહિલા અધિવેશન, યુવાનો માટે ક્રિકેટ મેચ  તથા સ્વયં માટે કાર્ય શિબિર, પાલ વિભાગનું અધિવેશન થાય એવી રજુઆત સભા સમક્ષ કરી, વ્યારા એકમના પ્રમુખશ્રી ભરતભાઇ તથા પ્રગતિ મહિલા મંડળ વ્યારાના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ગાંધી અને ટીમ વ્યારા એ આગામી ડિસેમ્બર માસમાં મહિલા અધિવેશનનું આયોજન કરવાનું સ્વીકાર કર્યો છે હું વ્યારા ના તમામ કાર્યકરો અને વ્યારા ટીમનો હાર્દિક આભાર માનું છું. સ્વયં સુરત તરફથી યુવાન મિત્રો માટે કાર્ય શિબીર નું આયોજન જાન્યુ-૨૦૧૫ માં કરવાની જાહેરાત કરી છે સ્વયમ સુરતની ટીમનો પણ હાર્દિક આભાર માનું છું. યુ.પી.એસ.સી.અને જી.પી.એસ.સી.ની પરીક્ષા માટેની કાર્યશિબિરનું આયોજન મહામંડળનાં શૈક્ષણિક વિભાગની કામગીરી સંભાળતા સીટી સ્મારક નિધિ ધ્વારા કરવાનું આયોજન કરેલ છે સૌ વિદ્યાર્થી મિત્રો-વાલી મિત્રોને ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવું છું.

આગામી ૨૦૧૫ ના વર્ષમાં યુવાન મિત્રો માટે ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવા માટે મોટા એકમોને વિનંતી કરૂ છું. અને પાલ વિભાગનાં અધિવેશન માટે પાલ વિભાગનાં સૌ કાર્યકરો આગળ આવે અને એક મિટિંગનું આયોજન કરે તો આપણે સૌ ભેગા મળી સુંદર અધિવેશનનું આયોજન ડિસેમ્બર- ૨૦૧૫માં કરી શકીશું.

મનિષભાઇ એમ પંચોલી
પ્રમુખ શ્રી પં.સે.સ. મહામંડળ

નવસારી મુકામે યોજાયેલ મહામંડળની સામાન્ય સભામાં સીટી સ્મારક ફંડનાં મુળ ફંડમાં દાતા તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/-નો ઉમેરો કરવામાં આવ્યો છે સુરતનાં પૂર્ણીમાબેન કમલેશભાઇ ગજ્જર તરફથી વેબ સાઇટ વ્યાજ વપરાશ ફંડમાં રૂા. ૧,૫૦,૦૦૦/- તથા રૂા. ૧,૦૦,૦૦૦/-નું દાન મહામંડળને વ્યાજ વપરાશ ફંડમાં આવ્યા છે. મુંબઇનાં શ્રી કિરણ મણીલાલ પંચોલી તરફથી રૂા. ૧,૧૧,૧૧૧/- નું દાન સ્વ. અ.સૌ. ભગવતીબેન અને સ્વ. મણીલાલ ભુલાભાઇ પંચોલી ના સ્મરણાર્થે વ્યાજ વપરાશ ફંડ માટે મળ્યુ છે. વ્યારા નાં સ્વ. હસમુખભાઇ મોતીરામ મિસ્ત્રી પરિવાર તરફથી વ્યાજ વપરાશ ફંડમાં રૂા. ૫૧,૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. સાથે સાથે અન્ય દાતાઓ તરફથી પણ ‘સ્વર્ણિમ ફંડ' માં પાંચ વર્ષ માટે રૂા. ૫,૦૦૦/- રૂા ૨,૦૦૦/- અને રૂા. ૧,૦૦૦/-નું દાન આપવાની જાહેરાત થયેલ છે સૌ દાતાઓનો હાર્દિક આભાર માનું છું. આવો જ સહકાર અન્ય એકમોનાં મિત્રો તરફથી મળી રહેશે એવી આશા રાખુ છું. જે દાતાઓ તરફથી દાનની જાહેરાત કરવામાં આવેલ છે તે રકમ તા. ૧૫:૦૯:૨૦૧૪ સુધીમાં બેંક ઓફ બરોડા વ્યારા શાખાના એકા. નં.02690100010065 IFC CODE. BARBO VYARAX માં જમા કરાવશો અને અમોને જાણ કરશો. જેથી ચાલુ વર્ષ થી જ તમારા દાનની રકમ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને પહોંચતી કરી શકીશું. ફરી હું સામાન્ય સભામાં સુંદર આયોજન અને સુંદર વ્યવસ્થા કરવા બદલ ટીમ નવસારીનાં સભ્યોનો હાર્દિક આભાર માનું છું. જે એકમોમાં મહિલા મંડળ તથા સ્વયમ ગૃપની રચના કરવામાં આવેલ ન હોય તેવા એકમનાં કાર્યકરોને વિનંતી કે આ બન્ને મંડળો-ગૃપની રચના સત્વરે તમારા એકમમાં થાય તેવુ આયોજન કરશો.

પંચોલી નવયુગમાં દિપોત્સવી અંકમાં આપના એકમની તથા આપના સભ્યો અને જ્ઞાતિજનોની જાહેરાતો સત્વરે ભેગી કરી મોકલી આપવા વિનંતી કરું છું. આથી દિપોત્સવી અંક નિર્ધારીત સમયમાં પ્રકાશિત કરી શકાય...‘વિના સહકાર નહી ઉદ્ધાર' ની કહેવત સાર્થક કરી શકાય...

અસ્તુ.

**ઉગતો સુર્ય**
**જિંદગીનો ટુકડો આપી જાય છે.**
**અને આથમતો સૂર્ય**
**જિંદગીનો ટુકડો લઈ જાય છે.**

સત્કૈવલ સાહેબ

# શ્રધ્ધાંજલી



## સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી

**જન્મ તા. ૨.૦૩.૧૯૫૨–આફ્રિકા–નૈરોબી      દેહવિલય : ૧૭.૧૨.2013**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ.
ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે. દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
સદ્ગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

### અર્પણકર્તા

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઇ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી
શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી
શ્રી યોગેશભાઇ હરકિશનદાસ પંચોલી
શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

ગં.સ્વ. કુસુમબેન પરસોત્તમભાઇ પંચોલી
શ્રી જનકભાઇ પી. પંચોલી અને ફેમીલી
શ્રી વિરેનભાઇ પી. પંચોલી અને ફેમીલી
શ્રીમતિ માલતીબેન બિપીનભાઇ રૂવાલા

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)

# શ્રધ્ધાંજલી



## સ્વ. શ્રી ધનસુખલાલ ભગવાનજી પંચોલી

જન્મ : ૨૧:૦૧:૧૯૩૩ સ્વર્ગવાસ : ૦૮:૦૩:૨૦૧૨

ના સ્મરણાર્થે

**રૂા. ૭૫,૦૦૦/- (રૂપિયા પંચોતેર હજાર)નું માતબર દાન**
**માનનીય ધનગૌરીબેન ધનસુખલાલ પંચોલી-બોરીવલી**
**શ્રી સનત ધનસુખલાલ પંચોલી - દુબઈ**
**શ્રીમતિ સપના સનત પંચોલી - દુબઈ**
**તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ એકમને પ્રાપ્ત થયુ છે.**

આ રકમ (Corpus Donation) ના વ્યાજની સંપૂર્ણ રકમ
વિધવા સહાયમાં વાપરવાની રહેશે..

**શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ**
**માતબર દાન આપનાર દાતાઓનો ખૂબ ખૂબ આભાર માને છે..**

# ૨૫મી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. ભાષ્કરભાઈ જમનાદાસ ગાંધી
જન્મ : ૧૨:૦૯:૧૯૩૦
સ્વર્ગવાસ : ૦૭:૦૯:૧૯૯૦

સમય વહેતો જાય... વહેતો જાય...
સંગાથ આપનો કદીના ભુલાય... કદીના ભુલાય
જ્યાં જ્યાં નજર મારી ઠરે ત્યાં યાદી ભરી છે આપની...
વીતી ગયેલા વર્ષોની યાદ, તાજી કરાવે છે આપની.....
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે...
એજ અમારા સૌની પ્રાર્થના...

## અર્પણકર્તા

ગં.સ્વ. પુષ્પાબેન ભાષ્કરભાઇ ગાંધી
કિરણ બી. ગાંધી – ધર્મિષ્ઠા કે. ગાંધી
ચિ. મૌલિક કે. ગાંધી ચિ. જાનકી કે. ગાંધી
દિવાકર બી. ગાંધી જયશ્રી ડી. ગાંધી
ચિ. પાર્થ ડી. ગાંધી ચિ. રિદ્ધિ ડી. ગાંધી
'શ્રીજી સદન' ૨૬૪ ગર્વમેન્ટ હા. સો.
ગુજરાત બેંકની પાછળ, સેલવાસ ૩૯૦ ૨૩૦
મો. ૯૮૨૪૧ ૭૧૦૦૪

કિરણ એમ. પંચોલી પ્રીતિ કે. પંચોલી
શાંતાક્રુઝ

## શ્રદ્ધાંજલી



સ્વ. જતીન દિનેશચંદ્ર પંચોલી
જન્મ : તા. ૧૧.૧૨.૧૯૮૦ સ્વર્ગવાસ : તા. ૨૨.૬.૨૦૧૪

રતિલાલ કરસનદાસ પંચોલી ગં.સ્વ. જયાબેન આર. પંચોલી
યોગેશ કરસનદાસ પંચોલી
મનિષ રતિલાલ પંચોલી કરીશ્મા મનિષ પંચોલી
જયેશ રતિલાલ પંચોલી સીમા જયેશ પંચોલી
સુથાર સ્ટ્રીટ, જુની પોસ્ટલાઇન,
નવાપુર, જિ. નંદરબાર
મો. ૯૮૬૦૦ ૬૪૮૬૫ – ૯૭૬૩૫ ૭૦૬૭૮

ગં.સ્વ. જસુબેન શીવલાલ પંચોલી
રમેશ શીવલાલ પંચોલી
ગં.સ્વ. જયોતિબેન અશોકભાઇ પંચોલી
ચિ. સોજલ – વિપુલ – નવાપુર



## Shaadi.com

Name : Nidhi
Father : Naranbhai Ochchhavlal Pancholi
Mother : Truptiben
Birth Date : 15:12:1990 Time : 8:47 am
Hight : 5' 7" Weight : 60kg.
Education : M.Sc.(Physics-MS Uni)
B.Ed. - MS Uni-Vadodara
Job : Teacher (Prarthana School
Eng.-Medium, Kurali-Karjan)
Brother : One(Elder - Married)
Address : C/88, Pavandham Soc.
Nr. Paragraj Soc., Varasia Ring
Road, Vadodra-390 006
Contact : 0265-2531823(R)
Mo. : 94298 29676

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત
શ્રી સી.ટી.સ્મારકનિધિ દ્વારા આયોજીત

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ

# U.P.S.C., G.P.S.C. કોર્ષ સેમીનાર

**સેમીનાર : તા ૧૨.૧૦.૨૦૧૪, રવિવાર સવારે ૯.૦૦ કલાકે**
**સ્થળ : શ્રી પંચોલી જ્ઞાતિ પંચની વાડી, ગોપીપુરા, કાજીનું મેદાન, સુરત**
**સૌજન્ય : લક્ષ્ય એકેડમી ફોર સીવીલ સર્વિસીસ**

લક્ષ્ય એકેડમી ફોર સીવીલ સર્વિસીસના સંચાલક શ્રી સંદિપભાઇ યાદવના નેજા હેઠળ આ કાર્યક્રમ કરવામાં આવશે. જેનું પ્રમુખ સ્થાન શ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રી શોભાવશે..

■ આ સેમીનારમાં ધો. ૧૦ કે પછી તેની ઉપરના કોઇ પણ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે..

■ આ સેમીનારમાં સીવીલ સર્વિસ એક્ઝામ તથા **I.P.S., I.A.S., I.F.S.** ની માહિતી આપવામાં આવશે.

■ આ સેમીનારમાં **G.P.S.C., G.A.S.**ની માહિતી આપવામાં આવશે.

■ આ સેમીનારમાં સેન્ટ્રલ ગર્વમેન્ટ **A-B** ટાઇપ જોબ તેમજ ગુજરાત ગર્વમેન્ટ **A-B** ટાઇપ જોબ વિશે માહિતી આપવામાં આવશે.

■ આ સેમીનારમાં ભાગ લેવા માંગતા તમામ વિદ્યાર્થીઓએ તા. ૧૫.૯.૨૦૧૪ પહેલાં જે તે એકમના પ્રમુખ, મંત્રીને નામ નોંધાવી દેવા. વિદ્યાર્થીઓ માટે કોઇપણ જાતની રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી નથી.

■ વિદ્યાર્થી મીત્રો સાથે આવનાર વાલી મિત્રોએ વ્યીકત દીઠ રૂ. ૫૦ અલગ આપવાના રહેશે.

દરેક એકમના પ્રમુખ/મંત્રીને વિનંતી કે આપના એકમમાંથી વધુને વધુ વિદ્યાર્થીઓ આ સેમીનારમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી.

**શ્રી મનિષભાઈ એમ. પંચોલી – પ્રમુખ**
**શ્રી ચંદ્રકાંત જે. પંચોલી – મહામંત્રી**
**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**

**શ્રી દિપકભાઈ એસ. ગાંધી–અધ્યક્ષ**
**શ્રી જતીનભાઈ આર. પંચોલી–મંત્રી**
**સી. ટી. સ્મારક નિધિ**

# શબ્દાંજલિ

શ્રી પંચોલી સેવા સમાજનું ઉત્કર્ષ જેનું ધ્યેય હતું.એવા માજી તંત્રીશ્રી ભગવાનદાસ મિસ્ત્રીના પરિશ્રમ થકી તથા પરોપકારી અને પ્રેમાળ સ્વભાવના કારણે પંચોલી નવયુગ કાર્યવંત બન્યુ હતું. ૧૯૬૭ થી ૧૯૭૩ સુધી સતત સાત વર્ષની નિઃસ્વાર્થ સેવા આપી હતી. એમની કાર્યસુઝથી પ્રકાશિત પંચોલી નવયુગ આજ પર્યંત સતત સફળતા પૂર્વક ધપી રહ્યું છે.. એમાં સેવા આપનાર તંત્રીશ્રીઓ તથા શ્રી ભગવાનદાસની યાદ સદા આવતી રહેશે...

પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના
શ્રી હસમુખભાઇ પંચોલી-વ્યારા

**તમારી આંખ સારી હશે તો**
**દુનિયા તમને ગમશે**
**તમારી જીભ સારી હશે તો**
**દુનિયાને તમે ગમશો..**

માજી તંત્રીશ્રી ભગવાનદાસ મિસ્ત્રી લાંબી જિંદગી જીવી સૌને પ્રેમ આપી સૌનો પ્રેમ પામી ગયા...અને સૌના દિલમાં મરીને પણ જીવંત રહ્યા.જન્મ અને પ્રાથમિક અભ્યાસ ગણદેવીમાં, ઉચ્ચ શિક્ષણ સયાજીરાવ યુનિ. વડોદરામાં. અને જીવન નવાપુર, મુંબઇ અને બારડોલીમાં વ્યતિત કર્યુ.

મહામંડળ અને પંચોલી સેવા સમાજ મુંબઇના પાયાના કાર્યકર એવા ભગવાનદાસે નવયુગનું તંત્રી પદ સંભાળ્યું. એકલે હાથે બારડોલીમાં અધિવેશન યોજી કાર્યદક્ષતાનો પરિચય કરાવ્યો.

એક સારા અને સાચા મિત્રગુમાવ્યાનું દુઃખ રહેશે.... પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

કુમારભાઇ એ. મિસ્ત્રી
માજી પ્રમુખ-મહામંડળ

# સેવા યજ્ઞની આહલેખ



રાજપીપલાના વતની અને વડોદરામાં સ્ત્રીરોગના નિષ્ણાંત તરીકે પોતાની ખાનગી હોસ્પિટલ ધરાવતા સિનિયર ગાયનેકોલોજીસ્ટ ડો. પદમાબેન પંચોલીને પોતાના વતનમાં સેવા કરવાની, દર્દીઓને મદદરૂપ થવાની તથા ગામડાંની બહેનોને આરોગ્યના પ્રશ્નોની અને સારવારમાં પડતી તકલીફની સમજને લઇને 'મારે મારા વતનના ગરીબ સમાજની સેવા કરવી છે.. હું એમને કઇ રીતે ઉપયોગી ગઇ શકું ?.. ' એવી એમની વાત સાથે મુલાકાત થયેલી..

૨૪ જુલાઇ, ૨૦૧૦થી મહિનામાં બે વાર, એકાંતરે શનિવારે, સ્ત્રી રોગ નિદાન-સારવાર કિલનિક શરૂ થયેલું છે. આજદિન સુધી ચાલુ છે. અને ત્યાંની કેટલીય બહેનો પોતાની ન કહેવાય, ન સહેવાય એવી કેટલીયે તકલીફોની સારવાર મેળવી સ્વસ્થ તંદુરસ્ત જીવન જીવતી થઇ છે...

કેવડિયા વિસ્તારમાં સ્ત્રીરોગ નિષ્ણાંતની સેવાઓ પહેલાં કયારેય પહોંચેલી નહીં.. વળી સ્ત્રી રોગ નિષ્ણાંત તબીબ જ હોયતો આવી સેવાનો સ્ત્રી સમાજ દ્વારા પણ સહજ સ્વીકાર થાય. તપાસ માટેની કોઇ ફી નહીં. દવા મોંઘી હોય તો દવાની પડતર કિંમત જેટલો સ્વૈચ્છિક ફાળો આપવાનો. એ ય ન અપાય તો એનો પણ આગ્રહ નહીં. આવી રીતે ચાલતું આ સ્ત્રી રોગ નિદાન સારવાર કિલનિક આપણાં કેવડીયા વિસ્તારની સ્થાનિક બહેનો માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે.

આપણાં જ વિસ્તારની સ્થાનિક બહેનો જ સ્વયંસેવિકા તરીકે આ કાર્યક્રમમાં સહાયક તરીકે સેવા આપે છે. એટલે બહેનોને આ સારવાર કેન્દ્ર પોતીકું લાગે અને વિના સંકોચે સારવાર અર્થે આવે. અહીં સૌને યોગ્ય સારવાર આપવા ઉપરાંત જરૂર જણાય તે દર્દીઓને વધુ સારવાર તપાસ માટે માર્ગદર્શન અને શકય મદદ પણ મળી રહે છે.

બહેનોના આરોગ્ય પ્રશ્નો જેવા કે શરીર ધોવાવું, વધારે પ્રમાણમાં કે અનિયમિત માસિક આવવું, પેઢામાં દુઃખાવો, પેશાબમાં પાક, ગર્ભાશયની સાદી કે કેન્સરની ગાંઠ, વારંવાર કસુવાવડ, બાળક ન થવા..ની સારવાર પંદરથી પંચોતેર વર્ષની ઉંમરની બહેનો લાભ લે છે..

આ કેમ્પમાં દવા આપીને છુટી જવાની વાત નથી. અહીં તો દરેક બહેનને નિયમિત કિલનિકના સ્વરૂપે આરોગ્ય સેવા આપી સંપૂર્ણ રીતે સાજી થાય ત્યાં સુધી સારવાર આપવાની વાત છે. એમાંય વળી પૈસાના અભાવે કોઇ બહેન સારવારથી વંચિત ન રહે એ મુખ્ય વાત છે...

ડૉ. અશોક ગોહિલ
જીવન યોગ અભિયાન

---

## શ્રી અજરાઈ પંચોલી પંચ-અજરાઈ


માજી તંત્રીશ્રી સ્વ. ભગવાનદાસ નાતે અમારા વેવાઇ એટલે મારા બનેવી યોગેશભાઇના પપ્પા.. જયારે બેન નીતાને ત્યાં જવાનું થાય ત્યારે તેઓ પણ સુરત આવ્યા હોય આથી અવાર નવાર મળવાનુ થતું. અને ગણદેવી મારા પપ્પા મગનભાઇ સાથેની મુલાકાતો અને સંસ્મરણો વાગોળતા... કોઇ દિવસ વેવાઇપણું દાખવ્યું નથી.

નામ પ્રમાણે ક્ષમા, સહનશીલતા અને ઉદારતાની જાણે મૂર્તિ... એવા ગુણો એમના બાળકોમાં સીંચ્યા છે... એમની નીખાલસતા આજે પણ યાદ આવે છે...

પંચોલી નવયુગની તેમની કામગીરી આજે પણ નવયુગ દ્વારા માણી શકીએ છીએ... સાચા અર્થમાં ભગવાનદાસ નવયુગના તંત્રી તરીકે સૌના મનમાં જીવી ગયા.....પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એજ શ્રી પંચોલી પંચ અજરાઇની હૃદયસ્થ શ્રદ્ધાંજલી...

રવિન્દ્ર એમ મિસ્ત્રી-પ્રમુખ

"ઘણું સરસ'
કહેવડાવવા માટે
ઘણું સરસ કામ કરી
બતાવવું પડે છે."



# વર્ષા.....

પ્રશાંત ગાંધી-વ્યારા

ગ્રીષ્મનો તાપ માઝા મુકે છે. બધાના દિલમાં ઉઠે છે : પાણી....પાણી... એ પોકાર, પ્રભુ સુધી પહોંચીને એ પુકાર સાંભળી મેઘરાજા તૈયારી કરવા માંડે. ગ્રીષ્મના તાપે તપેલા માનવીઓને 'હાશ' કહેવડાવવા મેઘરાજા વર્ષાને મોકલે છે.. વર્ષા અમી છાંટણાં છાંટે છે.. 'હાશ' આખરે પેલો ગોઝારો ગ્રીષ્મ ગયો ખરો.. એમ સહુના મુખમાંથી શબ્દો સરી પડે છે.. લોકો ખુશ થઇ ઉલટભેર વર્ષાને સત્કારવા મંડી પડે છે. પ્રેમભીના સત્કારે મસ્ત બનેલી વર્ષા પછી તો મસ્તી ભરી જ બને ને !

પહેલી વર્ષાનાં અમી છાંટણામાં ભીંજાવવાનો લાભ લીધો છે ખરો ? સુંદર ઝરણું વહી જતુ હોય, તેની જ પાડોશમાં, નાની શી ટેકરીઓમાંથી ધીરે ધીરે મોટી બનતી જતી, દૂર સદુર સુધી વાદળાઓથી આચ્છાદિત ટેકરીઓ પાસે બેસીને અમી છાંટણા ઝીલી તો જોજો. મનમાંથી આપોઆપ નીકળશે, આનું નામ તે જિંદગી..દુનિયાની લપછપ ભુલી આ કુદરતમાં લીન થવાની તાલાવેલી જાગી ઉઠશે. જિંદગી જીવવાનો એક નવો ઉમળકો થઇ આવશે.

વર્ષા અને વસુંધરાનો સંબંધ કેટલો અતૂટ છે. આખુ વર્ષ ઝાંખી ભુખરી સાડી ધારણ કરતી વસુંધરા તેની સખી વર્ષા આવે છે ત્યારે લીલીછમ સાડી પહેરી લે છે. આખા વર્ષ દરમ્યાન પેટાળમાં સંતાડી રાખેલ મસ્ત સુગંધને તે વર્ષામાં જ બહાર કાઢે છે ને ? એ પેટાળમાં છુપાવેલ મસ્ત મધુરી સુગંધ વહેતી જાય છે ને આખા વાતાવરણને મહેકતુ કરી મુકે છે ખરૂ ને ?

ખેડૂતો પણ વર્ષાના આગમને ખુશ થઇ જાય છે. મસ્ત બનીને ખેતરમાં સખ્ત મહેનત કરવા મંડી પડે છે. એકલી મહેનત નહીં, સાથે સાથે વર્ષાને આવકારતા ગીતોનું ગુંજન પણ તેઓના ગળામાંથી સરી પડે છે.

સૌ કોઇ વર્ષાથી ખુશ થાય છે. ત્યારે પેલા નાનાં ભૂલકાઓ ઘરમાં પૂરાયેલા રહી શકે ખરા ? નાની નાની શેરીમાં તેમના નાના નાના પગો વડે દોડમદોડ કરી મુકે છે. પરંતુ આખર તો બાળક ને ! તેમની પાસે ગીત શાં ? તેઓ તો મ્હોમાંથી ચિત્રવિચિત્ર અવાજ નીકળી શકે તેવા કાઢીને જ આનંદ વ્યકત કરી શકે ! એ કિલકિલાટથી નાનકડી શેરીનું વાતાવરણ કેવુ મઘમઘાટ થઇ જાય છે..

વર્ષાની એ ભીની ભીની એ હવા વિશે કેટકેટલાયે કાવ્યો લખાયાં હશે, લખાતા હશે અને લખાતા રહેશે.. યાદ રહી જાય તેવા વર્ષાગીતો કાંઇક આવી જ મસ્તીભરી પળોમાં સર્જાયા હશે ને ? કવિ કુદરતનું આવું સુંદર રૂપ જોઇ પાગલ બની જાય છે., બ્હાવરો બની જાય છે. દુનિયાને ભુલી તે એક નવી દુનિયામાં પહોંચી જાય છે. જયાં કુદરત છે અને તે છે, બીજું કોઇ નહીં. ત્યાંથી એ અપાર શાંતિ મેળવી લે છે. જગત જયારે શાંતિ માટે વલખાં મારે છે ત્યારે આ કુદરતમાં કેટલી શાંત ગંભીરતા છે! પરંતુ આ શાંતિને માણનારાં કેટલાં ?

વર્ષા એટલે મસ્તીને રોમાંચનું સંમિશ્રણ. ધડામ્ ધૂમ્મ કરતા એ વાદળો અથડાય ને આપણાં કાનોમાં ઘોર રજ પૈદા કરી જાય. ઘડીકભરને માટે સ્તબ્ધ બનાવી જાય એવી એ વર્ષાનાં રોમાંચના દિવસો સેં વિસરાય ? ને વર્ષાની સુંદરતા, ઘેરા કાળા વાદળમાંથી સરકતી એ ઝબુકતી વિજળી કેવી સુંદર દેખાય છે ! વાદળોના પેટાળમાંથી નીકળે છે, ને ક્ષણભરમાં આખા આકાશને ભરી દેતી રોશની પ્રકટાવી કો'ક અંધારા ખૂણામાં લીન થઇ જાય છે.

વર્ષા આવે છે ને માનવી તેની રસભરી મધુરી પ્રિયતમાના સાનિધ્યમાં રહેવાને આતુર બની જાય છે. વર્ષાનાં ઝરમર ઝરમર વરસતાં ફોરાંને તે બારીમાંથી જોઇ રહે છે. ત્યારે તેના દિલમાં દાવાનળ પ્રકટે છે. તેના આતમમાં અવાજ ત્યારે ઉઠે છે અગર તે હોત તો !! અહીં પ્રિતમનાં દિલમાં દાવાનળ પ્રગટે છે, તો દૂર દૂર વસતી તેની પ્રિયતમા ય આ વર્ષાને જોઇ એવી જ લાગણી અનુભવે છે. તેના આશાભર્યા ઉર માય એજ ભાવ રમી રહે છે. આગર તે હોત તો !!

આવી છે એ મસ્તીભરી વર્ષા. વર્ષાની હેલી આવે ને દિલને ઉથલાવી નાંખે. એ મસ્તીખોર વર્ષા કદીક રોષે પણ ભરાય અને રોષમાં હોય તો તો ખેદાન મેદાન કરી નાંખે.. રોષે ભરાયેલું માનુનીનું એ રૌદ્ર સ્વરૂપ સૌને વિનાશના વમળમાં અટવાતું મુકી દે છે. એવું રૌદ્ર સ્વરૂપ પણ કાંઇક કારણસર જ હશે ને ?

આવી વર્ષા પાસેથી માનવી ધારે તો કેટલું બધુ શીખી શકે છે. જુઓને ઘનશ્યામ વાદળાઓને, ધારી ધારી જુઓ તો તેમાં તમને નરી પરોપકારીતા જ માલુમ પડશે. એટલી દ્રષ્ટિ વિકાસ કેળવે તો માનવ કેટલો ઉંચે આવી જાય. આ ઝબુક વીજળીને જુઓ. કંઇ રસ્તો ન સુઝે એવા શ્યામ વાદળમાંથી રસ્તો કરતી એ કેવી પોતાના ધ્યેય મંઝીલ સુધી પહોંચી જાય છે. માનવી પણ એવો મકકમ બને તો ?

વર્ષાના એ અમી છાંટણા એટલે પ્રભુની કૃપા, પ્રભુએ આવી મદભર વર્ષાની આપણને ભેટ ધરીને કેટલો મહાન ઉપકાર કર્યો છે.

સુરતમાં S.Y.B.Comના ગુજરાતી પેપરમાં વર્ષાઋતુ માટે નિબંધ પૂછાયેલો. ત્યારે આ નિબંધ છેલ્લી ૧૫ મિનિટમાં લખાયેલો. પ્રો. હકુમત દેશાઇએ તેને કલાસમાં વખાણી કોલેજ મેગેઝીનમાં પ્રકાશિત કરાવેલો (તા. ૨૨.૧૧.૫૫)

# સ્વર્ણિમ ફંડના દાતા

નવસારી ખાતે યોજાયેલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભામાં ફક્ત ૨૦ થી ૨૫ મિનિટમાં એકત્ર થયેલ દાન બદલ સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર... બાકીના મોટા એકમો કે નાના એકમો પણ પોતાનું અનુદાન સ્વર્ણિમ ફંડમાં આપે એવી આશા રાખુ છું....

| | |
|---|---|
| હેલી અને કૃણાલ કિશોરભાઇ મિસ્ત્રી બિલીમોરા | ૫૦૦૦/ |
| બિપીનભાઇ ગોવિંદભાઇ મિસ્ત્રી બિલીમોરા | ૧૦૦૦/ |
| જગદીશભાઇ ગોવિંદભાઇ મિસ્ત્રી બિલીમોરા | ૧૦૦૦/ |
| પ્રણવ મુકુંદલાલ પંચોલી નવસારી | ૧૦૦૦/ |
| ગણદેવી પંચોલી પંચ - ગણદેવી | ૫૦૦૦/ |
| રજનીકાંત ડાહ્યાભાઇ પંચોલી પંચોલ | ૧૦૦૦/ |
| જીતેન્દ્રભાઇ ખંડુભાઇ પંચોલી ગણદેવી | ૧૦૦૦/ |
| અશોકભાઇ વિનોદભાઇ પંચોલી વાપી | ૧૦૦૦/ |
| નિલેશભાઇ રમેશભાઇ મિસ્ત્રી ભિલાડ | ૧૦૦૦/ |
| દેવાંગભાઇ પ્રવિણભાઇ પંચોલી-વડોદરા | ૧૦૦૦/ |
| અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી વડોદરા | ૧૦૦૦/ |
| ચંદ્રકાંતભાઇ જગદીશભાઇ પંચોલી રાજપીપળા | ૧૦૦૦/ |
| તરૂલતાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી નવસારી | ૧૦૦૦/ |
| સ્વ. બળવંતભાઇ ઘેલાભાઇ મિસ્ત્રી-પરિવાર નવસારી | ૧૦૦૦/ |
| હર્ષિત હિતેશભાઇ ગાંધી વ્યારા | ૧૦૦૦/ |
| હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધી વ્યારા | ૧૦૦૦/ |
| સ્વ. મહેન્દ્રાબેન શાંતિલાલ ગજ્જર-હ.દક્ષયભાઇ સુરત | ૧૦૦૦/ |
| સ્વ. શાંતિલાલ જમનાદાસ ગજ્જર-હ.દક્ષયભાઇસુરત | ૧૦૦૦/ |
| મહિલા મંડળ સુરત | ૧૦૦૦/ |
| સ્વયં ગૃપસુરત હ. મૃદુતાબેન હેમંતભાઇ મિસ્ત્રી,સુરત | ૧૦૦૦/ |
| રેશમાબેન ભગવાનદાસ મિસ્ત્રીગણદેવી | ૧૦૦૦/ |
| ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી નવસારી | ૫૦૦૦/ |
| પંચોલી જ્ઞાતિ પંચ નવસારી | ૫૦૦૦/ |
| સ્વ. જયંતિલાલ ચુનિલાલ પંચોલીના સ્મરણાર્થે, હ.કુસુમબેન જયંતિલાલ સુરત | ૨૦૦૦/ |
| જતીનભાઇ રમણલાલ પંચોલી સુરત | ૧૦૦૦/ |
| રાજેશભાઇ પોપટલાલ ગાંધી સુરત | ૧૦૦૦/ |
| નવિનભાઇ ચુનિલાલ પંચોલી વ્યારા | ૨૦૦૦/ |
| જયંતિલાલ ગણપતરામ પંચોલી નવસારી | ૧૦૦૦/ |
| ગીતાબેન જયેશભાઇ ગાંધી વ્યારા | ૧૦,૦૦૦/ |
| જયેશભાઇ પ્રવિણભાઇ પંચોલી સુરત | ૨૦૦૦/ |
| શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રીબિલીમોરા | ૫૦૦૦/ |
| અખિલ નિલેશભાઇ અંકલેશ્વર | ૧૦૦૦/ |
| રજનીકાંત ઇચ્છારામ પંચોલી નવસારી | ૧૦૦૦/ |
| શાંતિલાલ એમ. પંચોલી નવસારી | ૧૦૦૦/ |
| મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી અંકલેશ્વર | ૧૦૦૦/ |
| લલિતાબેન ભગવાનદાસ પંચોલી અજરાઇ | ૧૦૦૦/ |
| હરિશભાઇ એમ. પંચોલી વડોદરા | ૧૦૦૦/ |
| મધુબેન રમેશભાઇ પંચોલી વડોદરા | ૧૦૦૦/ |
| પદમકાંતભાઇ પંચોલી વડોદરા | ૧૦૦૦/ |
| મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી મુંબઇ | ૫૦૦૦/ |
| વિણાબેન ભોગીલાલ મિસ્ત્રી નવસારી | ૧૦૦૦/ |
| સ્વ. હસમુખભાઇ મોતીરામ મિસ્ત્રી વ્યારા | ૫૧૦૦૦/ |
| મુકેશભાઇ કનૈયાલાલ પંચોલી સુરત | ૫૦૦૦/ |
| પૂર્ણિમાબેન કમલેશભાઇ ગજ્જર સુરત | ૫૧૦૦૦/ |
| પ્રગતિ મહિલા મંડળ વ્યારા | ૧૦૦૦/ |
| સ્વ. અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી અને સ્વ. મણીલાલ ભુલાભાઇ પંચોલીના સ્મરણાર્થે હ. કિરણભાઇ મણીલાલ પંચોલી મુંબઇ | ૧,૧૧,૦૦૦/ |
| ડો. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી અંકલેશ્વર | ૨૦૦૦/ |
| નવીનભાઇ વી. પંચોલી વ્યારા | ૧૦૦૦/ |
| ભરતભાઇ ચંપકલાલ પંચોલી વ્યારા | ૨૦૦૦/ |
| પ્રશાંતભાઇ વિઠ્ઠલદાસ ગાંધી વ્યારા | ૨૦૦૦/ |
| નંદની અંકિત હર્ષદભાઇ પંચોલી વ્યારા | ૧૦૦૦/ |
| અક્ષત મલયભાઇ મિસ્ત્રી અંકલેશ્વર | ૧૦૦૦/ |
| રાજેશભાઇ ભીખુભાઇ પંચોલી વ્યારા | ૧,૦૦૦/ |
| સુમનભાઇ મગનલાલ મિસ્ત્રી વ્યારા | ૧,૦૦૦/ |
| રિનલ જીજ્ઞેશભાઇ પંચોલી વ્યારા | ૧૦૦૦/ |
| ધવલ બિપીનભાઇ પંચોલી બિલીમોરા | ૧૦૦૦/ |
| હર્ષવદન પરસોત્તમભાઇ મિસ્ત્રીવ્યારા | ૧૦૦૦/ |
| સ્વ. સી.ટી સ્મારક નિધિમાં મુળ ફંડમાં એક દાતા તરફથી દાન | ૨,૦૦,૦૦૦/ |

## હેપી બર્થ ડે.....



ચિંતુકુમાર ભગુભાઇ મિસ્ત્રી
તા. ૧૩.૦૯.૧૯૭૩



ચિ. પ્રિયા ભગુભાઇ મિસ્ત્રી
તા. ૧૯.૦૯.૨૦૦૧

**શુભેચ્છક**
વૈશાલી ચિંતુકુમાર મિસ્ત્રી
ચિ. રાજ ચિંતુકમાર મિસ્ત્રી
રજનબેન સુમનભાઇ મિસ્ત્રી
૬૩૪, નાની છીપવાડ, ગણદેવી-૩૯૬ ૩૬૦
તા. ગણદેવી-જિ. નવસારી
ફોન : ૦૨૬૩૪-૨૬૨૪૮૨
મો. ૯૮૨૫૫ ૭૦૬૮૫/૯૭૨૪૩ ૦૩૪૮૨

# શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઈ

## વર્ષ ૨૦૧૪-૧૪ના હિસાબ

(તા. ૧.૪.૨૦૧૩ થી તા. ૩૧.૩.૨૦૧૪)

| રકમ | આવક | રકમ | આવક |
|---|---|---|---|
| ૨૧,૬૦૦.૦૦ | શ્રી દુકાન ભાડાની આવક | ૨૭,૫૩૫.૦૦ | સામાન્ય સભા ખર્ચ |
| ૮૧,૫૦૦.૦૦ | શ્રી વાડી ભાડાની આવક | ૭,૬૨૭.૦૦ | ઉદ્‌ઘાટન ખર્ચ |
| ૨,૯૨૨.૬૮ | શ્રી વ્યાજ આવક | ૧,૫૦૦.૦૦ | પંચાયત વેરો |
| ૧૦,૦૦૦.૦૦ | શ્રી સામાન્ય સભા માટે દાન | ૩,૭૧૨.૦૦ | વિદ્યુત બળતણ |
| ૯,૯૮૩.૦૦ | શ્રી સામાન્ય દાન આવક | ૩,૪૩૦.૦૦ | વાડી સફાઇ ખર્ચ |
| | | ૫૬.૦૦ | બેંક કમીશન |
| | | ૨,૦૦૦.૦૦ | જાહેરાત ખર્ચ |
| | | ૧૭,૨૦૦.૦૦ | પગાર ખર્ચ |
| | | | ૧,૨૦૦.૦૦ પગાર |
| | | | ૧૬,૦૦૦.૦૦ રૂા. ૮૦,૦૦૦ ના ૨૦% |
| | | | (૨૦૧૪-૨૦૧૪) |
| | | ૬૩,૦૬૦.૦૦ | |
| | | ૬૨,૯૪૫.૬૮ | આવકનો વધારો સરવૈયામાં |
| ૧,૨૬,૦૦૫.૬૮ | | ૧,૨૬,૦૦૫.૬૮ | |

(તા. ૧.૪.૨૦૧૩ થી તા. ૩૧.૩.૨૦૧૪નું સરવૈયુ)

| રકમ | ફંડો અને જવાબદારી | રકમ | માલ-મિલ્કત |
|---|---|---|---|
| ૧૨,૦૦,૦૩૪.૮૫ | શ્રી ફાળા ખાતે | ૨૦,૪૦૦.૦૦ | દુકાન ભાડાની બાકી લેવા |
| ૭,૨૬,૮૪૪.૭૧ | શ્રી ધર્મશાળા સ્થાઇ ફંડ ખાતુ | ૨૨,૪૧,૯૪૩.૦૦ | શ્રી મિલ્કત ખાતે |
| | ૬,૬૩,૮૯૯.૦૩ ૨૦૧૨-૧૩ | | ૧૨,૦૨,૬૭૦.૦૦ બાકી |
| | ૬૨,૯૪૫.૬૮ ચાલુ વર્ષનો ઉમેરો | | ૫,૧૮,૧૫૦.૦૦ ૨૦૧૧-૨૦૧૨ |
| ૧૫,૦૦૦.૦૦ | દુકાન ટ્રાન્સફર ફી ખાતુ | | ૩,૮૯,૮૮૯.૦૦ ૨૦૧૨-૨૦૧૩ |
| ૬,૨૨,૩૨૬.૦૦ | બાંધકામ ફંડ અનામત | | ૧,૩૧,૨૨૫.૦૦ ૨૦૧૩-૨૦૧૪ |
| | ૨૩,૭૨૪.૦૦ ૨૦૧૦-૧૧ | | ૧૦,૩૯,૨૬૪.૦૦ |
| | ૧,૮૨,૨૨૮.૦૦ ૨૦૧૧-૧૨ | | ૨૨,૪૧,૯૪૩.૦૦ |
| | ૨,૩૫,૮૨૬.૦૦ ૨૦૧૨-૧૩ | ૧,૩૦,૨૩૦.૨૫ | શ્રી સાધનોનું ખાતુ |
| | ૪,૪૧,૮૧૩.૦૦ | ૩૫,૬૪૫.૮૬ | BOI સેવિંગ્સ-વ્યારા |
| | ૧,૮૦,૫૧૩.૦૦ ૨૦૧૩-૧૪ | ૨,૨૦૫.૦૦ | દેનાબેંક સેવિંગ્સ |
| | ૬,૨૨,૩૨૬.૦૦ | ૨,૩૫૧.૦૦ | BOB સેવિંગ્સ-ઉનાઇ |
| | | ૧,૦૦,૦૦૦ | BOI FDR - વ્યારા |
| | | | ૨૫,૩૨,૭૭૫.૮૧ |
| | | ૩૧,૪૨૯.૭૫ | હાથ પર સિલક ૩૧.૩.૧૪ સુમનભાઇ વ્યારા |
| ૨૫,૬૪,૨૦૫.૫૬ | | ૨૫,૬૪,૨૦૫.૫૬ | |

મનિષભાઇ એમ. પંચોલી — પ્રમુખ
નવિનભાઇ સી. પંચોલી — ઉપપ્રમુખ
સુમનભાઇ એમ. મિસ્ત્રી — મંત્રી
નિતીનભાઇ એમ. ગાંધી — સહમંત્રી

**શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઇ**

# દિપોત્સવી અંક - ૨૦૧૪

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૨૫૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ | ૬,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ | ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ | ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૬૫૦/-) | ₹ ૬૦૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ | ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (એક ફોટા સાથે-૩૫૦/-) | ₹ ૩૦૦/- | | | | |

**(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા/ડ્રાફટ/આંગડીયા દ્વારા મોકલ્યા છે. **(ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** *A/c* **પંચોલી નવયુગના નામનો મોકલવો. (ડ્રાફ્ટ માટે** *- Payble at Ankleshwar)*
(**ચેકમાં વટાવ ખર્ચ વધુ લાગતા હોય ચેક લેવાના બંધ કર્યા છે**....તકલીફ બદલ ક્ષમા)

શુભેચ્છા સંદેશ : ..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..............................................................................
(૨)..............................................................................
(૩)..............................................................................
(૪)..............................................................................
(૫)..............................................................................
(૬)..............................................................................
(૭)..............................................................................
(૮)..............................................................................
(૯)..............................................................................

સરનામુ : ..............................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

પીન ...................................... ફોન : (ઘર)..............................(ઓ)...............................

મોબાઈલ ......................................................................................... (પાછળ જુઓ)

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૧૦.૧૦.૨૦૧૪ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ**

**તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**ફોન : ૦૨૬૪૬ (ઘર) ૨૯૧૮૫૨ મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરા

પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ , વડોદરાના ટ્રસ્ટીઓ અને કારોબારીની સંયુકત સભા ૩જી ઓગષ્ટ ૨૦૧૪ની સાંજે ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઇ એન. પંચોલીના અધ્યક્ષ સ્થાને તેમના નિવાસ સ્થાને મળી. તેમના આવકાર બાદ મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ પંચોલીએ કાર્ય સૂચિ પ્રમાણે કાર્યવાહી શરૂ કરી.

ટ્રસ્ટના સભ્યશ્રી, મહામંડળના માજી પ્રમુખ, વડોદરા સમાજના માજી પ્રમુખ શ્રી અમરતલાલ સી. પંચોલી, ટ્રસ્ટીશ્રી ચંદ્રકાંતભાઈના માતૃશ્રી કમળાબેન, ટ્રસ્ટીશ્રી અશ્વિનભાઈના માતૃશ્રી ડાહીબેન, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના અદના કાર્યકર તથા પંચોલી નવયુગના માજી તંત્રી અને સ્વાતંત્ર્ય સેનાની ભગવાનદાસ મિસ્ત્રીની ઉમદા સેવાઓના સ્મરણ સાથે સદ્ગતના આત્માની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી.

ટ્રસ્ટ નોંધણી, પાનકાર્ડ, બેન્ક એકાઉન્ટ, ભૂમિ સંપાદન દસ્તાવેજ તેમજ ટ્રસ્ટને મળેલા દાનની માહિતી બાદ ખજાનચીશ્રી રમેશભાઇ આર. પંચોલીએ ટ્રસ્ટના હિસાબો રજુ કર્યા. સંયુકત સભાએ હિસાબોને બહાલી આપી. ટ્રસ્ટના હિસાબો માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે આર. બી. પંચોલી એન્ડ અસોસીએટની સેવા લેવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

પંચોલી સેવા સમાજ ભવનની રૂપરેખા, બાંધકામ, થનાર અંદાજિત ખર્ચ વિગેરેની વિશદ માહિતી ટ્રસ્ટના ઉપપ્રમુખે અને બાંધકામ ક્ષેત્રના પ્રખર અનુભવીશ્રી સંજીવ પંચોલીએ આપી. ભૂમિ સંપાદન સુધી સમાજના દાતાઓના દાનનો પ્રાથમિક તબકકો પૂરો થયો હોવાનું જણાવી ભવન બાંધકામ માટે દાનની અપીલ કરી. બાંધકામમાં વેગ આવે એ માટે શ્રી સંજીવભાઇ પંચોલીએ રૂપિયા પાંચ લાખના દાનની જાહેરાત કરી જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી.

શ્રી ભૂપેન્દ્રભાઇ, શ્રી અશ્વિનભાઇ, શ્રી પદ્માકાંતભાઇ, શ્રી મધુસુદનભાઇ, શ્રી દેવાંગભાઇ, શ્રી જીતેન્દ્રભાઇ, શ્રી ડો. મનિષભાઇ મપારા વગેરેના ઉપયોગી સૂચનોથી ‘સૌનો સાથ - સમાજનો વિકાસ’નું સૂત્ર ફળીભૂત થવા ગતિમાન બન્યું.

ટ્રસ્ટના સહમંત્રી શ્રી મધુસુદનભાઇએ શ્રી રમેશભાઇ અને તેમના પરિવારે સભા માટે કરેલ સુંદર વ્યવસ્થા માટે આભારની લાગણી વ્યકત કરી. મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇએ સંયુકત સભામાં સૌની ઉપસ્થિતિ, ઉપયોગી સૂચનો, રચનાત્મક પ્રતિભાવો-સહકાર અને સવિશેષ સમાજ અગ્રણી શ્રી મધુભાઇ પંચોલીએ પોતાની વર્ષગાંઠે ખાસ ઉપસ્થિત રહી સભાને યાદગાર બનાવવા બદલ આભાર વ્યકત કરી સભાનું સમાપન કર્યું.

ટ્રસ્ટ નોંધણી પછી ભવન નિર્માણ માટે મળેલ દાનની વિગત :

૨૨,૦૦૦/- શ્રીમતિ પદમાવતીબેન સી. પંચોલી અને શ્રીમતિ પ્રેમીલાબેન એન. પંચોલી (યુ.કે.)
૮૬,૧૧૧/- સ્વ. શ્રી છીતાભાઇ દામોદરભાઇ પંચોલી પરિવાર-વડોદરા
૧૧,૧૧૧/- દિનેશભાઇ સંતસેવક પંચોલી-વડોદરા
૨૫,૦૦૧/- સવિતાબેન અંબાલાલ પંચોલી-વડોદરા
૧૫,૦૦૦/- શ્રી નરેશભાઇ નગીનભાઇ પંચોલી
૧૧,૫૦૧/- શ્રી સતિષચંદ્ર નટવરલાલ પંચોલી-વડોદરા
૧૧,૦૦૦/- શ્રી ભૂપેન્દ્ર રમણલાલ પંચોલી-વડોદરા
૨૧,૦૦૦/- શ્રી વિનોદભાઇ ચીમનલાલ પંચોલી-વડોદરા
૨,૦૨,૭૨૪/-

## શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુર

આજરોજ પંચોલી એકમ પાવી જેતપુરની મિટીંગ એકમના સહમંત્રીશ્રી નિમેશભાઇ શંકરલાલ પંચોલીના નિવાસ સ્થાને તા. ૨.૭.૨૦૧૪ને બુધવારના રોજ પ્રમુખશ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના પ્રમુખસ્થાને રાત્રે ૯ કલાકે મળી.

તા. ૨૫.૬.૨૦૧૪ને રોજ મળેલ મિટિંગની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું. જેમાં આજની સભાએ સર્વાનુમતે ગ્રાહ્ય રાખી બહાલી આપી.પંચોલી એકમના સભ્યોના અભ્યાસ કરતાં બાળકોએ ચોપડા-પેન વિગેરે કિટસનું વિતરણ કરવાનો કાર્યક્રમ રાખેલ હોવાથી નીચે મુજબના બાળકોને એકમના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, સહમંત્રીશ્રી, મંત્રીશ્રી તથા એકમના સભ્યો દ્વારા શૈક્ષણિક કિટસનું વિતરણ કરવામાં આવ્યું.

પંચોલી જૈનીલ ભૂપેન્દ્રભાઇ હરીવદનભાઇ
પંચોલી તનય હિરેન્દ્રભાઇ ગણપતભાઇ
પંચોલી કાવ્યા અલ્પેશભાઇ ગણપતભાઇ
પંચોલી અત્રિ નિમેશભાઇ શંકરલાલ
પંચોલી કિંજલ વિઠ્ઠલભાઇ મંગુભાઇ
પંચોલી પિનલ શંકરલાલ ચીમનલાલ
પંચોલી પાર્થ કનુભાઇ હીંમતલાલ
પંચોલી કેતુલ વિપીનચંદ્ર નટવરલાલ
પંચોલી ફાલ્ગુનીબેન વિઠ્ઠલભાઇ મંગુભાઇ
પંચોલી નંદીની રાજેશકુમાર કાન્તીલાલ
પંચોલી નિષ્ઠા રાજેશકુમાર કાન્તીલાલ

શૈક્ષણિક હેતુ માટે નીચે મુજબનું અનુદાન પ્રાપ્ત થયુ હતું.

| શૈક્ષણિક | વાર્ષિક | નવયુગ | નામ |
|---|---|---|---|
| ૩૫૧ | ૧૦૦ | ૫૦ | પંચોલી ગણપતભાઇ ભટાભાઇ |
| | ૧૦૦ | ૫૦ | પંચોલી ગોપાલભાઇ ભટાભાઇ |
| ૨૦૧ | ૧૦૧ | ૫૦ | પંચોલી શંકરલાલ અંબાલાલ |
| ૨૫૧ | ૧૦૧ | ૫૦ | પંચોલી હીંમતલાલ મોહનલાલ |
| ૧૦૦ | ૧૦૧ | ૫૦ | પંચોલી હરીવદન લલ્લુભાઇ |
| ૧૦૧ | | | પંચોલી અરવિંદભાઇ પરસોત્તમભાઇ |
| | ૧૦૧ | ૫૦ | પંચોલી કાન્તીલાલ મોહનલાલ |

ઉપરોકત દાનને સહર્ષ સ્વીકારવામાં આવે છે. અને બાકી રહેતા સભ્યશ્રીઓને સભ્યફાળો તથા શૈક્ષણિક ફાળો તથા નવયુગ ફાળો આપવા માટે સુચન કરવામાં આવ્યું હતું. મહિલા સભ્યશ્રી ભુરીબેનના કંઠે સુંદર ભજન અને ધુન બોલાવવામાં આવ્યા હતાં. અંતમાં મિટીંગની સુંદર વ્યવસ્થા અને સુંદર અલ્પાહાર માટે નિમેશભાઇ શંકરલાલ પંચોલી પરિવારનો

## શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરની કારોબારીની મિટિંગ એકમના પ્રમુખ શ્રી જેસલભાઇ મનુભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને તા. ૩.૮.૨૦૧૪ને રવિવારે સવારે ૧૦ કલાકે મળી.

પ્રથમ શૈલી જેસલ મિસ્ત્રીએ સુંદર પ્રાર્થના ગાઇ મિટીંગની શુભ શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ જેસલભાઇએ હાજર રહેલ જ્ઞાતિજનોને આવકાર્યા.

પંચોલી નવયુગના માજીતંત્રી શ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રી-બારડોલી, પંચોલી નવયુગ પ્રકાશન સમિતિ સભ્ય જતીનભાઇ દિનેશચંદ્ર પંચોલી-વ્યારા તથા અંકલેશ્વરના મંજુબેન રમેશભાઇ પંચોલીનું નિધન થતા તેમના આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી.

મંત્રી શ્રી ડૉ. વિસ્મયભાઇએ ગત મિટીંગની મિનિટસનું વાંચન કર્યુ અને હાજર રહેલ સર્વેએ એની બહાલી આપી.

પ્રવાસ અંગે ચર્ચા કરવામાં આવી જેમાં સૌએ ભાગ લઇ પોઇચા-કેવડીયા કોલોની તથા સુરત મુકામે આવેલ મોરા ટેકરા, અંબાનિકેતન જેવા સ્થળો પર પસંદગી ઉતારી સૌની અનુકુળ તારીખે રવિવારના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન નકકી થયું અને દરેક જ્ઞાતિજનોને આ પ્રવાસ સફળ બનાવવા પ્રવાસમાં આવવા માટે અનુરોધ કરવામાં આવ્યો.

નવસારી મુકામે યોજાનાર મહામંડળની સામાન્ય સભા વિશે ચર્ચા કરવામાં આવી. અને મોટી સંખ્યામાં નવસારી મુકામે સભામાં હાજર રહેવા દરેક સભ્યોને વિનંતી કરવામાં આવી. દિપોત્સવી અંકમાં દરેક જ્ઞાતિજનો જાહેરાત આપે એવી વિનંતી કરવામાં આવી.

અંતમાં જેસલભાઇ અને તેમના પરિવાર તરફથી સુંદર મિટીંગ વ્યવસ્થા તેમજ અલ્પાહાર માટે આભાર વ્યકત કર્યો. અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડયા.

## ઉનાઇ પંચોલી પંચ-ઉનાઇ

તા. ૨૧.૭.૨૦૧૪ના રોજ બુહારી મુકામે મંત્રીશ્રી બાલુભાઇ પંચોલીના નવા મકાન ' માતૃપા મઢુલી'માં બપોરે ૧ કલાકે રાખવામાં આવી હતી. તેમાં નીચે મુજબ નવા પ્રમુખ - મંત્રીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

શ્રી નરેન્દ્રભાઇ બાપાલાલ પંચોલી(માંડવી)-પ્રમુખ
શ્રી વિશાલકુમાર દિલીપભાઇ પંચોલી(ઉનાઇ) - ઉપપ્રમુખ
શ્રી બાલુભાઇ ભુલાભાઇ પંચોલી(બુહારી) - મંત્રી
શ્રી અશોકભાઇ રણછોડભાઇ પંચોલી(ઉનાઇ) - સહમંત્રી
કારોબારી સભ્ય : શ્રી રજનીભાઇ ડાહ્યાભાઇ પંચોલી(પંચોલ)
શ્રી ભૂપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ પંચોલી(પંચોલ)
શ્રી સંજયભાઇ રમેશભાઇ પંચોલી(બાજીપુરા)
શ્રી નરેન્દ્રભાઇ મોહનલાલ પંચોલી(માંડવી)
શ્રી રજનીભાઇ રતીલાલ પંચોલી(ઉનાઇ)
શ્રી હરીશભાઇ મોહનભાઇ પંચોલી(સોનગઢ)
શ્રી રાજુભાઇ પ્રવિણચંદ્ર ગાંધી-સોનગઢ
શ્રી હિતેશભાઇ રતીલાલ પંચોલી(બાજીપુરા)
ગં.સ્વ. નીલાબેન દિલીપભાઇ પંચોલી(ઉનાઇ)
શ્રીમતિ વાસંતીબેન બાલુભાઇ પંચોલી(બુહારી)
શ્રીમતિ કલાવતીબેન રજનીકાંત પંચોલી

તા. ૨૮.૧૨.૨૦૦૯ થી ૩૦.૬.૨૦૧૪ સુધીના અહેવાલ તથા હિસાબો રજુ કર્યા... સર્વાનુમતે એને મંજુર કર્યા. ઉનાઇ મહિલા બચત યોજના બંધ કરવામાં આવી છે..મહિલા બચત યોજનાના મંત્રીશ્રી નવસારસ મુકામે રહેવા ગયા હોવાથી પડતી તકલીફને ધ્યાનમાં રાખી ઉપરોકત નિર્ણય સર્વામતે લેવામાં આવ્યો હતો.

ઉનાઇ પંચોલી પંચના સભ્યોના ભણતા બાળકોને પ્રોત્સાહિત ઇનામ આપવા બાબત ચર્ચા કરવામાં આવી અંતે સો રૂપિયા સુધીની વસ્તુ પાસ થનાર વિદ્યાર્થીને આપવાનું નકકી કરવામાં આવ્યું.

આજના દિવસે નીચે મુજબનું દાન મળ્યું...

૨૫૦ નરેન્દ્રભાઇ બાપાલાઇ પંચોલી-માંડવી
૨૫૦ નરેન્દ્રભાઇ મોહનલાલ પંચોલી-માંડવી
૨૫૦ રજનીકાંત ડાહ્યાભાઇ પંચોલી-પંચોલી-પંચોલ
૨૫૦ ભૂપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ પંચોલી-પંચોલી
૨૫૦ સંજયભાઇ રમેશભાઇ પંચોલી-બાજીપુરા
૨૫૦ હિતેશભાઇ રતીલાલ પંચોલી-બાજીપુરા

૨૫૦ નીલાબેન દિલીપભાઇ પંચોલી-ઉનાઇ
૨૫૦ રજનીકાંત રતીલાલ પંચોલી-ઉનાઇ
૨૫૦ મહેશભાઇ મોહનભાઇ પંચોલી-સોનગઢ
૨૫૦ રાજુભાઇ પ્રવિણભાઇ ગાંધી-સોનગઢ
૨૫૦ બાલુભાઇ ભુલાભાઇ પંચોલી-બુહારી
૨૫૦ સરોજબેન રતિલાલ પંચોલી-બુહારી

પુત્ર લગ્ન નિમિત્તે રૂા. ૧૫૧/- નીલાબેન દિલીપભાઇ પંચોલી તરફથી તથા રૂા. ૧૦૧/- સરોજબેન રતિલાલ પંચોલી બુહારી તરફથી મળ્યા... સૌનો ખૂબ ખૂબ આભાર..

ઉનાઇ પંચોલી પંચના છ ગામમાં ક્રમ પ્રમાણે મિટિંગ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

નીચેના સભ્યોએ નવયુગ પોર્ષ્ટીગ ખર્ચ માટે ભેટ આપી.

૧૦૦ નરેન્દ્રભાઇ બાપાલાલ પંચોલી-માંડવી
૧૦૦ નરેન્દ્રભાઇ મોહનલાલ પંચોલી-માંડવી
૧૦૦ બાલુભાઇ ભુલાભાઇ પંચોલી-બુહારી
૧૦૦ હરીશભાઇ મોહનભાઇ પંચોલી-સોનગઢ
૧૦૦ રાજુભાઇ પી. ગાંધી-સોનગઢ
૧૦૦ રજનીકાંત ડાહ્યાભાઇ પંચોલી-પંચોલ
૧૦૦ ભૂપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ પંચોલી-પંચોલી
૧૦૦ નીલાબેન દિલીપભાઇ પંચોલી-ઉનાઇ
૧૦૦ રજનીકાંત રતીલાલ પંચોલી-ઉનાઇ
૧૦૦ સંજયભાઇ રમેશભાઇ પંચોલી-બાજીપુરા
૧૦૦ હિતેશભાઇ રતીલાલ પંચોલી-બાજીપુરા
૧૦૦ સરોજબેન પીતાંબરભાઇ પંચોલી-બુહારી

અંતમાં અગામી મિટિંગ ઉનાઇ મુકામે રાખવાનું નક્કી કરવામાં આવ્યું... બાલુભાઇ તથા વાસંતીબેન (શારદાબેન) તરફથી સુંદર મિટીંગની વયવસ્થા અને સુંદર અલ્પાહાર માની

## સ્વર યુથ - વ્યારા

તા. ૩.૮.૨૦૧૪ને રવિવારે સાંજે ૫ કલાકે પંચોલી વાડીમાં સ્વર યુથની ફ્રેન્ડશીપ ડે નિમિત્તે મિટિંગ રાખવામાં આવી હતી. મિટિંગની શુભ શરૂઆત કરતા પહેલાં વ્યારાના ઉત્સાહી કાર્યકર જતીનભાઈનું દુઃખદ અવસાન થતા એમના આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી.

મંત્રીશ્રી અંકિતપંચોલીએ મિટિંગની શરૂઆત સૌ મિત્રોને આવકાર્યા તથા ફ્રેન્ડશીપ ડેની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ નવા કાર્યો અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી..

ફ્રેન્ડશીપ ડેની ઉજવણી નિમિત્તે દરેક મિત્રો પાસે ફક્ત રૂા. ૨૦/-ની નાનકડી ગીફ્ટ મંગાવવામાં આવી હતી. તેને ભેગી કરી સરપ્રાઇઝ પાર્સીગ ગેમ રમાડવામાં આવી હતી. ત્યારબાદ એકબીજાને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી શુભેચ્છાઓ પાઠવી અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા હતાં..

## પંચોલી સમાજ વડોદરા

વડોદરા સમાજના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/શૈક્ષણિક કન્વીનરશ્રીની નમ્ર અપીલ છે કે વડોદરા સમાજનો વાર્ષિક પોગ્રામ અને શૈક્ષણિક કાર્યક્રમની અપેક્ષિત તારીખ ૯.૧૧.૨૦૧૪ છે તો ધો. ૧ થી ૧૨ તેમજ ડીપ્લોમા, ફાઇનલ અને ગ્રેજ્યુએટ તેમજ વિશિષ્ટ સિદ્ધિઓના વિદ્યાર્થીઓએ એમની માર્કશીટ-શૈક્ષણિક કન્વીનર/પ્રમુખ/મંત્રીને તા. ૩૦.૯.૨૦૧૪ પહેલા પહોચાડવી.. માર્કશીટની પાછળ ઘરની મુખ્ય વયકિતનો સભ્ય નંબર, મોબાઇલ નંબર અને સરનામું વગેરે અવશ્ય લખવું.

સમાજ તરફથી જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને સમાજ તરફથી નોટબુક તેમજ પુસ્તકો માટે આર્થિક સહાય કરવામાં આવે છે. તો જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓએ તેમની અરજી સપ્ટેમ્બર સુધીમાં પહોંચાડવી. જરૂરીઆતમંદ વિધવા સહાય /મેડીકલ સહાય માટે અરજી પ્રમુખશ્રી-મંત્રીશ્રીને તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં પહોચાડવી...

## પંચોલી સમાજ વડોદરાનું ગૌરવ

આપણા સમાજના પ્રથમ મહિલા ડૉ. પદમાબેન રવિન્દ્રભાઇ પંચોલી દ્વારા ૨૪ જુલાઇ ૨૦૧૦થી મહિનામાં બે વાર એકાંતરે શનિવારે સ્ત્રીરોગ નિષ્ણાંત તરીકે કેવડીયા ખાતે સેવા આપે છે. 'નિરામય કિલનીક'માં ડૉ. અશોક ગોહિલ કર્તાહર્તા છે. તેઓએ ૧૯૯૫થી કેવડિયા આદીવાસી વિસ્તારમાં સેવા આપે છે. અને તેની કર્મભૂમી બનાવી છે. તેઓ વિનોબાભાવેના સર્વોદય કાર્યકર્તા છે. અને પ્રિવેન્ટીવ મેડીકલમાં એમ ડી. છે. તેઓએ ડૉ. પદમાબેનની સેવાને કેવડીયાના કાગળમાં પ્રકાશિત કરી છે... ડૉ. પદમાબેનની આ સેવા માટે વડોદરા તેમજ સમગ્ર પંચોલી સમાજ ગર્વ અનુભવે છે....

## પંચોલી સમાજ જબુગામ

પંચોલી સેવા સમાજ જબુગામની વાર્ષિક મિટિંગ તા. ૧૯.૮.૨૦૧૪ના રોજ પ્રમુખશ્રી કિશનભાઇ મગનભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાત્રે ૯ કલાકે મળી.

મિટિંગમાં દરેક સભ્યોની હાજરીમાં મંત્રીશ્રી વિનોદકુમારે સૌનું સ્વાગત કર્યાબાદ દિપોત્સવી અંકની જાહેરાત માટે અનેરોધ કરતા સુંદર પ્રતિસાદ મળ્યો. અલ્પાહાર બાદ છુટા પડયા.

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાનો વાર્ષિક મિલન અને ઇનામ વિતરણ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે અને ત્યારબાદ બપોરે સામાન્ય સભાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો પરંતુ પંચોલી સેવા મંડળના પૂર્વ પ્રમુખ શ્રી ઇન્દ્રવદન સોમાભાઇ પંચોલીના સુપુત્ર ભદ્રેશભાઇનું યુવાન વયે તા. ૧૪.૮.૧૪ના રોજ રાત્રે ૯.૩૦ કલાકે અવસાન થતા તા. ૧૫.૮.૧૪ના તમામ કાર્યક્રમ મુલતવી રમખવામાં આવ્યા હતાં. હવે પછીની તારીખ નકકી થયે જાણ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે....

જન્મ દિવસ માટે નીચે મુજબની ભેટ મળી છે...
૧૦૧ શ્રી યોગેશભાઇ કંચનભાઇ પંચોલી
૧૦૦ ડો. હિમાંશુ સુમનભાઇ પંચોલી
૧૦૦ અ.સૌ. રમીલાબેન નવિનચંદ્ર પંચોલી
૧૦૧ કૃણાલકુમાર અરવિંદભાઇ પંચોલી
૧૦૧ અ.સૌ. જયોતિષબેન ઠાકોરભાઇ પંચોલી-ભરૂચ
૧૦૧ અ.સૌ. મિત્તલબેન વૈભવકુમાર પંચોલી

## સ્વયં ગ્રુપ-સુરત

તા. ૧૭.૮.૨૦૧૪ને રવિવાર અને જન્માષ્ટમીના રોજ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી.

પ્રથમ ગ્રુપના બધા સભ્યો ભેગા મળી હવેલીમાં દર્શનાર્થે ગયા. ગ્રુપ સભ્ય શ્રી દિપેશભાઇને નિવાસ સ્થાને કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરવામાં આવી.. લાલાને પારણીએ ઝુલાવી આનંદ કર્યો અંતમાં સુંદર અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## દેવના દિધેલ



રાજપીપલા નિવાસીઅમિતકુમાર મહેશભાઇ પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'ચિ.પરિધિ'નો જન્મ તા. ૦૭.૦૬. ૨૦૧૪ના રોજ થયો.

માતા દિવ્યાબેન

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૪.૮.૨૦૧૪ના રોજ મંત્રી શ્રીમતિ શીલાબેન પંચોલીના નિવાસ સ્થાને મિટિંગ મળી. ઓગસ્ટ મહિનો એટલે દેશની આઝાદીની યાદ અપાવતો મહિનો આથી ત્રિરંગા કલરમાં સૌ બહેનો તૈયાર થઇને આવી હતી.

શીલાબેનની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ લકી ડ્રો કરવામાં આવ્યો. જેમાં પ્રથમ નિશાબેન પંચોલી તથા દ્વિતીય પ્રીતિબેન મપારા લકી થયા. શીલાબેને ગીફટ આપી નવાજયા. ત્યારબાદ 'થમ્સઅપ'થી સૌનું સ્વાગત કર્યુ.

મહિલા સંગઠનના અધ્યક્ષા આનંદીબેને આપેલ પ્રોજેકટ મુજબ શીલાબેને ૨૨ પ્રશ્નોની નવયુગ કવીઝ રમાડી જેમાં પ્રથમ શ્રીમતિ નિકુંજબેન પંચોલી તથા દ્વિતીય જયોતિબેન ડે અને હર્ષાબેન વચ્ચે ટાઇ થઇ. અંતે હર્ષાબેન પંચોલી વિજેતા થયા. વિજેતાબેનોને શીલાબેને ઇનામથી નવાજયા.

આજરોજ બ્યુટી કેર માર્ગદર્શન વીથ ડેમો પણ રાખવામાં આવ્યું હતું જેમાં વડોદરાના માસુમ બ્યુટી પાર્લરના શ્રીમતિ ભૈરવીબેન પંડ્યા(લંડન)એ સુંદર રજુઆત કરી હતી. જેમા એડવાન્સ પધ્ધતિનો બહેનોને લાભ મળ્યો હતો. જેમાં વિવિધ વેકસ અને હેર રીમુવરનો ડેમો કરી બતાવ્યો હતો. ભૈરવીબેન પંડ્યાનો આભાર વ્યકત કરી શીલાબેને સ્મૃતિભેટ આપી નવાજયા હતાં.

આજરોજ દેશભકિતગીત સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં દરેક બહેનોએ સુંદર ગીતોથી દેશભકિતમય વાતાવરણ બનાવી દીધુ હતું એના પ્રથમ વિજેતા પ્રજ્ઞાબેન પંચોલી અને દ્વિતીય પ્રીતિબેન મપારા વિજેતા થયા હતાં.

સુજલ ચેરીટીબલ ટ્રસ્ટ ઇન્ડિયન લાયન્સ મકકરપુરા દ્વારા આયોજીત બેસ્ટ કેન્સર ફ્રી ચેકઅપ કેમ્પ તા. ૨૭.૭.૧૪ને દિવસે નિષ્ણાંત ડોકટરો દ્વાર કરવામાં આવ્યો હતો જેમાં સમાજની ઘણી બહેનોએ લાભ લીધો હતો. ૩૦ વર્ષથી ઉપરની બહેનોએ ચેકઅપ કરાવવું જરૂરી છે.. અંતમાં હાઉસી રમ્યા.. કીટીમાં ૧૬ બહેનોએ ભાગ લીધો જેમાં ૧૦૦ રૂપિયા આપી ડ્રો કરનારને બધા પૈસા મળે.. એમાં નિકુંજબેન આર પંચોલી વિજેતા બન્યા.

શ્રીમતિ નીતાબેન સુંદરલાલ પંચોલીનો કારોબારી

સભ્ય તરીકે સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી. આગામી મિટિંગ સહમંત્રી હર્ષાબેન પંચોલીને ત્યાં ૯.૯.૧૪ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવ્યું આ મિટિંગમાં ભજન સ્પર્ધા-શિઘ્ર અભિનય અને વર્તન સ્પર્ધા તથા કેકનું ઓવન અને કુકરમાં ડેમોટ્રેશન રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં શીલાબેન તથા બિનીતાબેનનો સુંદર મિટીંગ તથા ઈટીંગ વ્યવસ્થા કરવા બદલ આભાર માની ઈટીંગ કરી મિટિંગ પુરી કરી...

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

સ્મૃતિબેનના નિવાસસ્થાને તા. ૧૯.૮.૨૦૧૪ના રોજ મિટિંગ રાખવામાં આવી. પ્રાર્થનાબાદ વેલકમ ડ્રિંકસથી સ્વાગત કર્યુ.. ત્યારબાદ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી. મંડળની બહેનોએ આશ્રમની બહેનો સાથે સુખ દુઃખની વાતો કરી. વૃદ્ધાશ્રમની બહેનોએ પોતાના સ્વજન મળ્યા હોય એવો આનંદ વ્યકત કર્યો... સૌને બિસ્કીટની વહેંચણી કરવામાં આવી. વન મિનિટ ગેમ અને હાઉસી રમ્યા.. ત્યારબાદ અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

૨૫૧ શ્રીમતિ વર્ષાબેન વિપુલભાઇ-લંડન
૫૦૧ સ્વ. ભદ્રેશભાઇ ઇન્દ્રવદનભાઇ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.
૫૧ સ્નેહાબેન ડી. પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે.
૧૫૧ ગીતાબેન તરફથી વિશ્રુત-ઋતુ તથા પોતાની બર્થડે નિમિત્તે
૫૧ સ્મૃતિબેન એસ. પંચોલી તરફથી વર્ષગાંઠ નિમિત્તે...

## પંચોલી મહિલા મંડળ-સંખેડા

શ્રી પંચોલી મહિલા મંડળ સંખેડાને નીચે મુજબ દાન મળ્યું છે..

૧૦૧ પંચોલી વીણાબેન ગોપાલભાઇ તરફથી પુત્રની સફળ અમરનાથ યાત્રા માટે...

૧૦૧ પંચોલી ચંપાબેન શૈલેષભાઇ તરફથી વર્ષગાંઠ નિમિત્તે

૫૧ પંચોલી જાગૃતીબેન દીલીપભાઇ SSCમાં ૮૦% માર્કસ સાથે ઉત્તિર્ણ થયા તે નિમિત્ત.

૫૧ પંચોલી શકુન્તલાબેન ચંદ્રકાંતભાઇ તરફથી પૌત્ર વેશની વર્ષગાંઠ નિમિત્તે.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની મિટિંગ ભાવનાબેન મલયભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને તા. ૬.૮.૨૦૧૪ના રોજ મળી હતી. ૧૫મી ઓગષ્ટ નિમિત્તે રાખવામાં આવી. પ્રથમ સમૂહમાં પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. મંત્રી શ્રીમતિ મીનાબેન છગનભાઇ મિસ્ત્રીએ ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

ઓગષ્ટ માસમાં આવતી બર્થડે નિમિત્તે ભાવનાબેન અને અમિતાબેનને મહિલા મંડળ તરફથી ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. આજરોજ દેશભકિત ગીતની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં નિર્ણાયક તરીકે માજી તંત્રી શ્રી ચેતનભાઇ વી. પંચોલી-ભરૂચ એ સેવા આપી હતી. આ સ્પર્ધામાં ૧૫ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રી ચેતનભાઇએ એમના મંતવ્યો જણાવી વિજેતા જાહેર કર્યા હતા. જેમાં પ્રથમ - નીતાબેન રાજેશભાઇ પંચોલી અને દ્વિતીય - અનુરાધાબેન મનુભાઇ મિસ્ત્રી વિજેતા થયા હતાં. નિર્ણાયક તરીકેની સેવા આપવા બદલ ચેતનભાઈનો આભાર વ્યકત કર્યો હતો.

ભાવનાબેને વનમિનિટ ગેમ રમાડી હતી જેના વિજેતા ૫૦ વર્ષથી ઉપરનામાં મીરાબેન અને ૫૦ વર્ષથી નીચેનામાં નીતાબેન વિજેતા થયા હતા. બન્ને હરીફાઇના વિજેતાઓને મહિલા મંડળ તરફથી ઇનામો આપવામાં આવ્યા હતાં.

આગામી મિટિંગ તા. ૧૦.૯.૨૦૧૪ના રોજ સ્નેહાબેન પારસભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને રમતગમત સ્પર્ધા સાથે રાખવામાં આવી છે... અંતમાં આભારવિધિ બાદ મિટીંગને બરખાસ્ત કરી અલ્પાહારને ન્યાય આપ્યો હતો..

## આભારી છીએ.....
### પંચોલી નવયુગને

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સુવર્ણ જયંતિ અધિવેશન તથા શ્રી પંચોલી સેવા સમાજ સુરત સુવર્ણ મહોત્સવ નિમિત્તે રૂા. ૧૧,૦૦૦/-નું માતબર દાન શ્રી પંચોલી સેવા સમાજ સુરત તરફથી મળ્યુ છે... શ્રી ગિરીશભાઇ આઇ. ગજ્જર તથા શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીના....

શ્રી પંચોલી જ્ઞાતિ પંચ નવસારી તરફથી દર વર્ષે એમની સભ્ય ફીની આવકમાંથી ૨૫% નવયુગ પોષ્ટીંગ માટે આપે છે... આ વર્ષે રૂા. ૧,૨૦૦/- મળ્યા છે..... પ્રમુખશ્રી પ્રણવભાઇ પંચોલીના.....

દાતાઓનો ખૂબ ખૂબ આભાર..... તંત્રી

## ટીપે ટીપે સરોવર ભરાય....

- ₹ ૧૫૦/- રાજપીપલા નિવાસી શ્રી ઇન્દ્રવદનભાઇ સૌમાભાઇ પંચોલીના સુપુત્ર ભદ્રેશકુમારના સ્મરણાર્થે.....
- ₹ ૧૦૧/- રાજપીપલા નિવાસી મહેશભાઇ શબ્દશરણ પંચોલી તરફથી પૌત્રી ચિ. પરિધિના જન્મની ખુશાલી નિમિત્તે..
- ₹ ૫૧/- ગણદેવી નિવાસી શ્રી અમ્રતલાલ ઇચ્છારામ મિસ્ત્રી તરફથી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે....
- ₹ ૫૧/- ગણદેવી નિવાસી શ્રી નૈનેશકુમાર અમ્રતલાલ મિસ્ત્રી તરફથી વર્ષગાંઠ નિમિત્તે....
- ₹ ૧૦૦/- ગણદેવી નિવાસી શ્રી ચિંતુકુમાર ભગુભાઇ મિસ્ત્રી તરફથી ઍમની તથા પુત્રીની વર્ષગાંઠ નિમિત્તે....

## એક વાર જાવું હરીના ધામમાં



રાજપીપલાના પૂર્વ પ્રમુખ શ્રી ઇન્દ્રવદનભાઇ સૌમાભાઇ પંચોલીના સુપુત્ર ભદ્રેશકુમાર તા. ૧૪.૦૮.૨૦૧૪ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૪૦ વર્ષ.

મુંબઇ વીલેપાર્લાના પદમાવતીબેન ભગવાનદાસ મિસ્ત્રી તા. ૨૩.૦૮.૨૦૧૪ ના રોજ હરીના ધામમાં ગયા.



## હેપી બર્થ ડે.. શતમ્ જીવમ્ શરદઃ



વંશ કેતુલકુમાર
પંચોલી-વાપી
તા. ૨.૦૯.૨૦૧૦



અમ્રતલાલ ઇચ્છારામ
મિસ્ત્રી-ગણદેવી
તા. ૩.૦૯.૨૦૩૯

સમગ્ર પંચોલી સમાજ જન્મ દિવસની
હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....
હેપી......બર્થડે

*Printed Book*
**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 291852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**